martha's rule
detecting deterioration

NHS

# Martha's Rule: જો તમને ચિંતા હોય કે તમારા બાળકની સ્થિતિ વધુ ખરાબ થઈ રહી છે તો અમારી સાથે વાત કરો.

**તમે તમારા બાળકને કોઈ અન્ય કરતાં વધુ સારી રીતે જાણો છો. સંભાળ ટીમના ધ્યાનમાં આવે તે પહેલાં તમે નાનામાં નાના ફેરફારો જોઈ શકો છો. આ ફેરફારો વધુ બગડવાના પ્રારંભિક ચેતવણી ચિહ્નો હોઈ શકે છે.**

## Martha's Rule શું છે?

વધુ બગડવાના કોઈપણ અણધાર્યા સંકેતોને વહેલા શોધવામાં મદદ કરવા માટે અમે Martha's Rule રજૂ કર્યો છે. જો તમને ચિંતા હોય કે તમારા બાળકની સ્થિતિ વધુ ખરાબ થઈ રહી છે, તો Martha's Rule તમને ઝડપી સમીક્ષા માટે વિનંતી કરવાનો અધિકાર આપે છે.

## અમે તમારા બાળકનું નિરીક્ષણ કેવી રીતે કરીએ છીએ

જ્યારે તમારું બાળક હોસ્પિટલમાં હોય છે, ત્યારે અમે નિયમિતપણે તેમના બ્લડ પ્રેશર, તાપમાન અને અન્ય મહત્વપૂર્ણ આરોગ્ય માપદંડો તપાસીએ છીએ. અમે આ કેટલી વાર કરીએ છીએ તે તમારા બાળકની વ્યક્તિગત સ્થિતિ અને જરૂરિયાતો પર આધાર રાખે છે. કેટલીકવાર આ તપાસ કરવા માટે અમારે તેમને જગાડવાની જરૂર પડી શકે છે. આ ઉપરાંત, અમે લગભગ દરરોજ પૂછીશું કે  તેઓ સારું અનુભવી રહ્યા છે કે ખરાબ. આ તેમની સ્થિતિમાં કોઈપણ અણધાર્યા ફેરફારોનું નિરીક્ષણ કરવા માટે છે.

## તમારી ભૂમિકા મહત્વપૂર્ણ છે

અમને વધુ બગડવાના પ્રારંભિક સંકેતો શોધવામાં મદદ કરવા માટે, કૃપા કરીને અમને જણાવો, જો તમારું બાળક:



ઉચ્ચ તાપમાન હોય - પરસેવો આવતો હોય, ધ્રુજારી અથવા સ્પર્શ કરતી વખતે સામાન્ય કરતાં વધુ ગરમ અથવા ઠંડુ લાગતું હોય



સામાન્ય કરતાં અલગ રીતે રડતું હોય



તેમની ત્વચામાં કોઈ ફેરફાર હોય, ઉદાહરણ તરીકે તેઓ નિસ્તેજ હોય અથવા ફોલ્લીઓ હોય (કાળી અથવા ભૂરી ત્વચા પર આ જોવાનું મુશ્કેલ હોઈ શકે છે), અથવા ચાંદા કે ફોલ્લા હોય



અસામાન્ય રીતે ઊંઘ આવે છે અથવા જગાડવામાં મુશ્કેલી પડે છે



ચીડચીડું હોય અથવા બેચેન હોય



તેને ખોરાકમાં, પીવામાં કે ખાવામાં રસ ન હોય તો



સામાન્ય કરતાં વધુ ઝડપથી શ્વાસ લેતું હોય, દરેક શ્વાસ સાથે કર્કશ અવાજ કરતું હોય અથવા શ્વાસ બહાર કાઢવામાં તકલીફ થતી હોય



ખુબ ઓછો પેશાબ કરતું હોય અથવા તેના છી/મળમાં લોહી આવતું હોય

**અથવા તમે અમને એવી કોઈપણ બાબત વિશે કહી શકો છો જેનાથી તમે ચિંતિત હોવ.**

આ ફેરફારો વિશે અમારા સ્ટાફને જણાવવાથી અમને વધુ બગડવાનું વહેલાસર ઓળખવામાં મદદ મળી શકે છે જેથી અમે વધુ ગંભીર સ્વાસ્થ્ય સમસ્યાઓને રોકવા માટે પગલાં લઈ શકીએ.

## જો તમે ચિંતિત હોવ તો શું કરવું

1 તમારા બાળકની સંભાળ રાખતી ટીમ સાથે વાત કરો.

2 જો તમે હજુ પણ ચિંતિત હોવ અને તમને લાગે કે સંભાળ ટીમ તમારી ચિંતાઓનો ઉકેલ લાવી રહી નથી, તો ઝડપી સમીક્ષા માટે કૉલ કરો.
ફોન: 0300 422 2222

તમારી વિનંતી અમારી હોસ્પિટલની એક અલગ ટીમને મોકલવામાં આવશે જે ખૂબ જ બીમાર દર્દીઓની સંભાળ રાખવામાં નિષ્ણાત છે. તેઓ કોઈપણ જરૂરી સારવાર અથવા વધુ સમીક્ષા ગોઠવવા માટે તમારી અને તમારા બાળકની સંભાળ ટીમ સાથે કામ કરશે.

આ સેવા અઠવાડિયાના 7 દિવસ, 24 કલાક ઉપલબ્ધ છે.

## અમારી પ્રતિબદ્ધતા

અમે નિયમિતપણે તમારા મંતવ્યો માંગીશું અને તમારી ચિંતાઓને ગંભીરતાથી લઈશું. અમે તમને તમારી સંભાળમાં સાથીદાર તરીકે જોઈએ છીએ અને ઇચ્છીએ છીએ કે તમે તમારી કોઈપણ ચિંતાઓ અને સમસ્યાઓ વિશે વાત કરો.

**Martha's Rule વિશે વધુ જાણવા માટે અહીં સ્કેન કરો.**

martha's rule
detecting deterioration

**તમે અમને પરેશાન નથી કરી રહ્યા - અમે તમારી પાસેથી સાંભળવા માંગીએ છીએ.**